


રાંધણ છઠ્ઠ - રાંધણ છઠ્ઠની પૂર્વ સંધ્યાએ શહેરના શાકમાર્કેટમાં ગૃહિણીઓ મનવભાવન શાક ખરીદવા ઉમટી હતી... પ્રસંગની આડાશમાં ભાવવધારાનો ગણગણાટ વચ્ચે પણ શાકભાજીનો ઉપાડ મોટો રહ્યો છે... આપણી પરંપરા મુજબ રાંધણ છઠ્ઠ પર્વે બીજા દિવસે ઠંડુ ખાઈ શકાય એવી વાનગીઓ અને શાક તૈયાર કરવામાં ગૃહિણીઓ આજે વ્યસ્ત રહેશે...

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો હજુ પણ ડુલ રહેતા રહીશો ત્રાહિમામ્

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના સેકટરોમાં વરસાદના ત્રણ દિવસના વિરામ બાદ પણ ઘણાંખરા ઠેકામે સ્ટ્રીટ લાઈટો હજુ ડુલ છે.તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટના રીપેરીંગ માટે ટીમો કામે લગાડામાં આવી હોવાનુ પણ જણાંવાયુ છે. પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો સ્થાનિકો માટે શિરદર્દ બની રહી છે.

શહેરમાં વરસાદી વાયરા વચ્ચે સેકટરોમાં દુવિધાઓના ઢગ ખડકાયા છે. શહેરના સેકટરોમાં ગંદકી અને રખડતા ઢોરની સમસ્યા જટીલ બની છે. રખડતા ઢોરને નિયંત્રણમાં લેવા માટે કોર્પોરેશનનુ તંત્ર લાચારી સેવી રહ્યુ હોય તેવી સ્થિતિ છે. ત્યારે સ્માર્ટ સીટીના નિર્માણની સુફિયાણી વાતો અને સોહામણા આયોજન પર અનેક સવાલો મંડરાયા છે. બીજીતરફ સેકટરોમાં હજુ પણ અંધારપટ્ટની સ્થિતિ જોવા મળી રહી છે. સેકટરોમાં વરસાદના અંતે મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની વ્યપાક ફરિયાદના અંતે તંત્ર દ્વારા યોગ્ય રીપેરીંગ માટે ટીમો કામે લગાડવામાં આવી હોવાનુ જણાંવાય છે. પરંતુ નવા અને જુના સેકટરોમાં હજુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજથી રાબેતા મુજબ પુરા ફોર્સથી પાણીનો પુરવઠો અપાશે

**પાણી ગાળી અને ઉકાળી વપરાશમાં લેવા નગરજનોને મેયરની અપીલ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજથી રાબેતા મુજબનો પુરા ફોર્સથી પેયજળનો પુરવઠો આપવામાં આવશે તેમ મેયર શ્રીમતિ રીટાબેન પટેલે એક નિવેદનમાં જણાવ્યુ છે.

નર્મદા નદીના સરદાર સરોવર ડેમમાંથી છોડાયેલા પાણીને પગલે ૧૦ દિવસ સુધી ડહોળુ પાણી આવશે તે ગાળી અને ઉકાળી પાણીને વપરાશમાં લેવા પણ તેમણે આ નિવેદનમાં અપીલ કરતાં જણાવ્યુ છે.

ગઈકાલે મહાનગરપાલિકાની સામાન્ય સભા કોંગ્રેસ પક્ષે પાણી સાઈટ અને ગટરના મુદ્દે બોલાવેલી તડાપીટ પછી આજે તંત્ર હરકતમાં આવ્યુ હતુ.

બપોર બાદ પાણી પુરવઠા બોર્ડ, પાટનગર યોજના અને મનપાના અધિકારીઓની એક તાકીદની બેઠક મેયરે બોલાવી હતી. આ બેઠકમાં પાણીના ફોર્સ અને તેની ગુણવત્તાને લઈ ખુબજ વિસ્તૃત ચર્ચા થઈ હતી. પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓએ અગાઉ નિયત થયેલા જથ્થા મુજબ જ પાણી ઉપાડી સપ્લાય કરવાની ખાત્રી આપી હતી.

આ અધિકારીઓએ પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદને કારણે પાણીના ઉપાડમાં કાપ મૂક્યો હતો પરંતુ મનપાના અધિકારીઓએ રજુઆત કરી અને તેમને માંગને ધ્યાને લેવા જણાવ્યુ હતુ. જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

હાલ નહેરોમાં પણ પાણી ચોમાસાના પગલે ડહોળુ છે અને શુદ્ધિકરણમાં જે સમય જાય છે તે ધ્યાને લેવા પણ પા.પુ. બોર્ડના અધિકારીઓએ દલીલ કરી હતી. જો કે મેયર રીટાબેન પટેલે આ અંગે લોકોને અપીલ કરી પાણી ગાળી અને ઉકાળીને પીવા જણાવ્યુ છે. આ ઉપરાંત ક્લોરિનેશનની માત્રામાં વધારો કરવાની સૂચના પણ માર્ગ-મકાન વિભાગને આપી છે. આમ છેલ્લા એક સપ્તાહથી ચાલતી પાણીની સમસ્યાનો આજે વિસ્તૃત બેઠક બાદ અંત આવ્યો છે.

# શહેર રોગચાળાની લપેટમાં

**શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા નગરજનો રોગચાળાની લપેટમાં : ડેન્ગયુ , મેલેરિયા સહીત માથા અને સાંધાના દુખાવા ઉપરાંત શરદી તાવના દર્દીઓથી સેક્ટરોના દવાખાના ઉભરાયા : મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા તંત્રની નિરસતા : સમયસર યોગ્ય પગલા નહીં લેવાય તો રોગચાળો અજગર ભરડો લેશે**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના સેકટરોમાં વરસાદના અંતે ઠેર ઠેર કાદવ કિચ્ચડ અને ગંદકી સાથે મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધતા નગરજનો રોગચાળાની ઝપટે ચઢયા છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો જોવા મળી રહ્યા છે. ડેન્ગ્યુ ,મેલેરિયા ઉપરાંત માથા અને સાંધાના દુખાવા સાથે તાવ શરદીના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. સેકટરોના ખાનગી દવાખાનાઓ પણ દર્દીઓથી ઉભરાઇ રહ્યા છે. શહેરમાં દર ત્રીજા ઘરે તાવ અને સાંધાના દુખાવાના દર્દીઓ છે. મોસમના વિચિત્ર મિજાજની અસરથી જન આરોગ્ય વિશેષ પ્રભાવિત છે. મચ્છરો માટે પણ ફેવરેબલ વાતાવરણ છે. ત્યારે મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે જનજાગૃતિ સાથે ઉત્પત્તિ સ્થાનોને ડામવા ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે.

ગાંધીનગરમાં વરસાદની મોસમમાં સેકટરોમાં કાદવ કિચ્ચડ અને ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવ વચ્ચે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. એકાદ ઈંચ વરસાદમાં જ સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો થાય છે. શહેરના સેકટરોમાં વરસાદી પાણીના ભરાવાના અંતે ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. વરસાદી પાણીના ભરાવાના અંતે મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ વધી ગયા છે. સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા નગરજનો હાલ રોગચાળાની ઝપટમાં ચઢયા છે. શહેરીજનો હાલ વાયરલ તાવની લપેટમાં છે. દર ત્રીજા ચોથા ઘરે વાયરલ તાવના દર્દીઓ જોવા મળી રહ્યા છે. જયારે મચ્છરોનો ઉપદ્રવ વધતા મેલેરિયા અને ડેન્ગ્યુના રોગચાળાએ પણ જોર પકડયુ છે. મચ્છર જન્ય રોગચાળાને ડામવા માટે મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા માટે પણ યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય છે. સેકટરોમાં વરસાદના હળવા ભારે ઝાપટાના અંતે મચ્છરોના પોરા થતા મચ્છરોનો ત્રાસ પણ વધ્યો છે. મચ્છરના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. મેલેરિયા અને ડેન્ગ્યુના દર્દીઓ પણ વધી રહ્યા છે. જયારે વરસાદના અંતે વાદળિયુ વાતાવરણ પણ મચ્છરો માટે ફેવરબેલ પુરવાર થતા મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો આગામી દિવસોમાં અજગર ભરડો લે તેવી દહેશત છે. શહેરમાં મચ્છરોનો વધતા ઉપદ્રવ વચ્ચે રોગચાળાએ માથુ ઉંચકયુ છે. માથાના દુખાવા, તાવ , શરદી તેમજ શરીરમાં સાંધાના દુખાવાની ફરિયાદો કરતા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર છે. નગરની સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાનાઓમાં પણ આવા દર્દીઓની સંખ્યા વધી રહી છે. મોસમના વિચિત્ર મિજાજ વચ્ચે જન આરોગ્ય વિશેષ રીતે પ્રભાવિત છે. શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદ સદંતર બંધ છે. ત્યારે દિવસ દરમિયાન મોટાભાગે વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહે છે. જેના લીધે મચ્છરોની ઉત્પત્તિ માટે પણ આ વાતાવરણ ફેવરેબલ બન્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં વરસાદી પાણીનો ભરાવો થતો હોય તેવા ઠેકાણે દવાનો છંટકાવ તેમજ મચ્છર ઉત્પત્તિ સ્થાનોને ડામવા ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે.



# અમીત શાહ ૨૮-૨૯મીએ ગુજરાત આવશે

ગાંધીનગર, તા. ૨૦

આગામી ૨૮ અને ૨૯ ઓગષ્ટના રોજ કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહ રાજયના પ્રવાસે આવી રહ્યા છે.

શ્રી શાહ બે દિવસના પ્રવાસ દરમ્યાન પી.ડી.પી.યુ.ના પદવીદાન સમારોહમાં હાજરી આપશે તેમજ ગુજરાતના અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક કરનાર હોવાનું જાણવા મળેલ છે. શ્રી શાહ તેમની આ ગુજરાત મુલાકાત દરમ્યાન રાજયના સંગઠનના આગેવાનોને મળી સંગઠન પર્વની પણ સમીક્ષા કરે તેવી સક્યતાઓ છે. આ ઉપરાંત સંરચન અંગે પણ ચર્ચા-વિચારણા કરશે તેમ મનાઈ રહ્યુ છે. ગાંધીનગરના સાંસદ તરીકે પણ તેઓ જિલ્લામાં ચાલતી વિવિધ યોજનાકીય કામગીરી જે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ છે તેની પણ સમીક્ષા કરે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.





મહાદેવ શંભુ - પાવન શ્રાવણ માસના સોમવારની સાંજે શહેરના શીવાલયો શણગારાયા હતા... શીવજીને ફુલોની રંગોળીથી સજાવાયા હતા... ભાવિકોએ પોતાના મનના ઉમંગો રંગોળીમાં પ્રતિબિંબિત કર્યા હતા... ક્યાંક ફુલોથી તો ક્યાંક રંગોથી પુરાયેલી રંગોળી નયનરમ્ય લાગતી હતી... સોમવારની મોડી સાંજ સુધી ભાવિકો શીવજીના દર્શને મોટી સંખ્યામાં ઉમટ્યા હતા....

# બોરીજમાં ગટરના દુષિત પાણીના ભરાવાથી રોગચાળાની દહેશત

**દબાણો દુર કર્યા બાદ પાણીના જોડાણ પણ યથાવત રહેવાથી પાણીનો બેફામ બગાડ : શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય સામે પણ ખતરો**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં હજુ પણ માળખાગત સુવિધાઓનો અભાવ વર્તાય છે. શહેરી ગામોમાં પાણી , ગટર અને રસ્તાની સુવિધાઓ હજુ સુધી પુર્ણ થઈ નથી. બીજીતરફ આ ગામોમાં ગટરના દુષિત પાણી ભરાતા હોવાની સાથે પાણીનો પુષ્કળ બગાડ થતો હોવાનો રોષ પણ સ્થાનિકોમાં ઉઠવા પામ્યો છે. બોરીજ ગામમાં હાલ આવી જ સ્થિતિ છે. બોરીજ ગામમાં વચાળે જ ગટરના દુષિત પાણીનો ભરાવો થાય છે જેના લીધે ગ્રામજનો તેમજ શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે વિવિધ પગલાઓ

**સરહદ સીલ કરીને સાવચેતીના વિવિધ પગલા : વાહનોની ઉંડી ચકાસણી : શંકાસ્પદો ઉપર નજર : તમામ મહત્વના સ્થળો પર ઉંડી તપાસ : સુરક્ષા વ્યવસ્થા મજબૂત**

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં પણ ત્રાસવાદી હુમલા થઈ શકે છે તેવા આઈબીના રિપોર્ટ બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. તમામ શકમંદો ઉપર બાજ નજર રાખવામાં આવી રહી છે. ગુપ્તરીતે તપાસ પણ ચાલી રહી છે. તમામ મહત્વના સ્થળો ઉપર સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. વાહનોની ચકાસણી અને પેટ્રોલિંગની પ્રક્રિયા વધારે તીવ્ર કરવામાં આવી ચુકી છે. એલર્ટ અંગે બાતમી મળ્યા બાદ ગુજરાત સરકાર પણ સુરક્ષા પાસાઓને લઈને કોઈ દરમિયાનગીરી કરવા માટે ઈચ્છુક નથી. મોટા આતંકવાદી હુમલાને અંજામ આપવા માટે ચાર આતંકી ભારતમાં ઘૂસ્યા હોવાના સેન્ટ્રલ આઈબીના રિપોર્ટના આધારે દેશભરની સુરક્ષા એજન્સીઓ અલર્ટ થઈ ગઈ છે. જેને પગલે ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર આખરે સીલ કરી દેવાઈ છે અને સુરક્ષાનું લોખંડી અભેદ્ય કવચ ખડકી દેવાયું છે. એક અફઘાની આતંકવાદી પાસપોર્ટ-વિઝા સાથે ભારતમાં ઘૂસ્યો હોવાના સંદેશાના પગલે દેશભરના એરપોર્ટને એલર્ટ કરી દેવાયા છે. દેશભરમાં હાઈ અલર્ટ કરાયું છે ત્યારે ગુજરાત અને રાજસ્થાન પોલીસના રાજ્ય પોલીસ વડા અને કેન્દ્ર સરકારે અલર્ટ જારી કર્યું છે. તો ગુજરાત એટીએસે તમામ પોલીસને અલર્ટ કરી દીધી હતી અને આતંકવાદીનો સ્કેચ પણ દેશભરની તમામ સુરક્ષા એજન્સીઓને મોકલી દેવાયો છે. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રતનપુર ચેકપોસ્ટ પર રાજ્ય પોલીસવડાની સૂચનાના આધારે બે ચેક પોસ્ટ ઊભી કરી ઠેરઠેર ચેકીંગ પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે. બુલેટપ્રુફ જેકેટ સાથે એસઆરપી જવાન તૈનાત કરાયા છે. જ્યારે બનાસકાંઠાની રાજસ્થાન સરહદે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ પર પણ સુરક્ષા વધારી દેવાઈ છે. અમીરગઢ પોલીસ ચેકપોસ્ટ પર એસઆરપીના ૩૦ જવાનો, ૧ એસઆરપી પીએસઆઈ જયારે ૧૦ પોલીસ જવાનોને બુલેટપ્રુફ જેકેટ સાથે તૈનાત કરી દેવામાં આવ્યા છે. જ્યારે કચ્છના લખપત તાલુકાના ઘડુલી ગામે આવેલી બોર્ડર પર પોલીસ સહિત એસઆરપીના જવાનો દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ ઉપરાંત ચેકપોસ્ટ ઊભી કરી વાહનોનું પણ ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

# જિલ્લામાં ૨૬મીએ જળશક્તિ અભિયાન માટે ગ્રામસભાઓ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત ખાસ ગ્રામસભાઓ ૨૬મી ઓગષ્ટના રોજ યોજવામાં આવશે.

૨૪મીએ જન્માષ્ટમીનું પર્વ હોવાથી જિલ્લાતંત્રએ આ મહત્વનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે આ ગ્રામસભાઓ ૨૪મીએ યોજવા માટે સૂચવ્યુ હતુ પરંતુ આજ પત્રમાં મોડામાં મોડી ૨૬મીએ યોજવાનું પણ સૂચવ્યુ હતુ.

જિલ્લાતંત્રએ આ ગ્રામસભાઓ ૨૬મીએ યોજવા અંગેની સૂચનાઓ પણ તમામ તાલુકા વિકાસ અધિકારીઓને આપી દીધી છે. આ ખાસ ગ્રામસભામાં જળસંચયના કામો તેમજ સઘન વનીકરણના કામોમાં ગ્રામ્યસ્તરે લોકોની ભાગીદારી વધે અને સક્રિયતા આવે તે માટે ખાસ ચર્ચાઓ થશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્રએ આ ગ્રામસભાઓને લઈ લાયઝન અધિકારીઓ પણ નિયુક્ત કરવામાં આવશે. આ અધિકારીઓ જે તે ગ્રામસભાઓમાં હાજરી આપશે તેમજ આ બેઠકમાં થયેલી ચર્ચાની વિગતો કેન્દ્ર સરકાર દ્વારા ખાસ તૈયાર કરાયેલ મોબાઈલ એપથી અપલોડ કરવાની રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com